ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# નવસારી-વલસાડ-વાપી

| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
| --- | --- | --- |
| નવસારી | ૩૨.૦° સે. | ૨૦.૦° સે. |
| આહવા | ૩૫.૦° સે. | ૧૬.૦° સે. |
| વલસાડ | ૩૦.૦° સે. | ૧૭.૦° સે. |
| વાપી | ૩૦.૦° સે. | ૧૭.૦° સે. |



**ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકો, વિદ્યાર્થીઓ અને મુસાફરો વતન પહોંચવા બસ સ્ટેશને ઉમટી પડ્યા**

# ST ડેપો મુસાફરોથી ખીચોખીચ

**હોળી** પહેલા નવસારી એસટીમાં ‘ઘર વાપસી’ની ધમાલ

**દાહોદ,** ઝાલોદ, પંચમહાલ અને દેવગઢ બારિયા તરફ જતાં રૂટ પર ભારે દબાણ સર્જાયું



નવસારી : હોળી-ધૂળેટીના તહેવારો નજીક આવતાં નવસારી એસટી બસ સ્ટેશન પર ‘ઘર વાપસી’નો માહોલ જામ્યો છે. શહેરના ઉદ્યોગોમાં કામ કરતા શ્રમિકો, વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરો પોતાના વતન પહોંચવા માટે મોટી સંખ્યામાં બસ સ્ટેશન પર ઉમટી રહ્યા છે. પરિણામે ખાસ કરીને દાહોદ, ઝાલોદ, પંચમહાલ અને દેવગઢ બારિયા તરફ જતાં રૂટ પર ભારે દબાણ સર્જાયું છે.

મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને નવસારી એસટી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. જરૂરીયાત મુજબ વધારાની બસો દોડાવવાની સાથે સ્ટેન્ડબાય બસોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અત્યાર સુધીમાં પાંચથી છ બસોના ગ્રુપ બુકિંગ નોંધાતા તહેવારી ભીડની અસર સ્પષ્ટ દેખાઈ રહી છે.

અધિકારીઓના જણાવ્યા મુજબ આવનાર રવિવાર અને સોમવારે મુસાફરોની સંખ્યામાં વધુ વધારો થવાની શક્યતા છે. સામાન્ય દિવસોમાં દરરોજ આશરે 25 હજાર જેટલા મુસાફરોની અવરજવર રહે છે, જ્યારે તહેવારો અને વીકએન્ડ દરમિયાન આ આંકડો વધીને 35થી 40 હજાર સુધી પહોંચી જાય છે. વધતી ભીડ વચ્ચે મુસાફરોને સરળ અને સમયસર મુસાફરી મળી રહે તે માટે એસટી વિભાગ દ્વારા સંચાલન, માર્ગદર્શન અને સુરક્ષાની ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી

## ભીલાડ હાઈવે પર અકસ્માતના બે બનાવમાં બેનાં મોત

ઉમરગામ : ભીલાડ નરોલી બ્રિજ નવાબ ઢાબાની સામે હાઈવે રોડ ઉપર શનિવારે સાંજે અજાણ્યા વાહન ચાલકે ગફલત ભરી રીતે હંકારી લાવી રોડ ક્રોસ કરી રહેલી મહિલા કૌશલ્યાદેવી (ભીલાડ) ને અડફેટે લેતા મોત નીપજ્યુ હતુ. વધુ એક અકસ્માતનો બનાવ ભીલાડ ફાટક સાહિલ હોટલની સામે હાઈવે પર મુંબઈથી સુરત જતા ફસ્ટ ટ્રેક ઉપર શનિવારે રાત્રે બન્યો હતો. કોઈ અજાણ્યા વાહન ચાલકે વાહન ગફલતભરી રીતે હંકારી મો.સાયકલ નંબર જીજે 15 એક્યુ 5525 ને ટક્કર મારતા કલ્પેશભાઈ બુધાભાઈ પટેલ (રહે સંજાણ)ને ગંભીર ઈજા પહોચતા ભીલાડ સરકારી હોસ્પિટલમાં લઈ જતા હાજર તબીબે મૃત જાહેર કર્યા હતા. આ બનાવની ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

# વોટ્સએપ પર ‘ચલણ’નો મેસેજ અને મિનિટોમાં ખાતું સાફ

**ફેક** mParivahan એપથી જલાલપોરના આધેડ સાથે રૂપિયા 27,150ની સાયબર ઠગાઈ



નવસારી : જલાલપોર તાલુકાના ભીનારગામમાં ટ્રાફિક ચલણના નામે સાયબર ઠગોએ વધુ એક વ્યક્તિને નિશાન બનાવ્યો છે. મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અજાણ્યા ઠગોએ વોટ્સએપ મારફતે ખોટી mParivahan એપ મોકલી એક વ્યક્તિના બેંક ખાતામાંથી રૂ. 27,150 ઉપાડી લેતા ચકચાર મચી છે.

ભીનારગામ પટેલ ફળિયામાં રહેતા અમીન યુનુસ શેખ (ઉંમર 41)ના ઓળખીતાના વોટ્સએપ પર રેડ લાઇટ જમ્પ બદલ રૂપિયા 3,800ના ટ્રાફિક ચલણનો મેસેજ આવ્યો હતો. મેસેજમાં ‘વધુ પુરાવા જોવા’ માટે mParivahan એપ ડાઉનલોડ કરવાની સૂચના સાથે એક ફાઈલ મોકલવામાં આવી હતી. મેસેજ વિશ્વાસપાત્ર લાગતા ફાઈલ ડાઉનલોડ કરતાં જ સાયબર ઠગોએ મોબાઇલ ડેટા સુધી પહોંચ મેળવી લીધી હતી.

ફાઈલ ઇન્સ્ટોલ કર્યા બાદ થોડા જ સમયમાં તેમના બેંક ઓફ બરોડા, વિરાવળ બ્રાન્ચના ખાતામાંથી રૂપિયા 27,150 ડેબિટ થઈ જતા છેતરપિંડી થયાની જાણ થઈ હતી. બનાવ બાદ પીડિતે મરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તરત જ કાર્યવાહી હાથ ધરી છે. મરોલી પોલીસે અજાણ્યા આરોપી સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. કેસની તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. ગોહિલના માર્ગદર્શન હેઠળ ચાલી રહી

# યુદ્ધને પગલે ખાડી દેશોમાં ફસાયેલા માટે હેલ્પ લાઇન જાહેર

**સાંસદ** ધવલ પટેલે 8140347713 હેલ્પલાઇન શરૂ કરાવતા અટવાયેલા પરિવારોમાં આશા

**આ રીતે માહિતી મોકલવી**

» પ્રવાસીનું નામ » હાલ જે દેશમાં અટવાયા હોય તે દેશનું નામ » ફ્લાઇટ ડીટેઇલ » પાસપોર્ટ નંબર » કુલ પ્રવાસીઓની સંખ્યા » ડાંગ - વલસાડ - નવસારીમાં રહેતા સંબંધીનું નામ » સંબંધીનો મોબાઈલ નંબર » રહેણાંક સરનામું

નવસારી, વલસાડ, સાપુતારા : હાલમાં ઈરાન ઇઝરાઇલ યુદ્ધ વચ્ચે ચાલી રહેલા યુધ્ધના પગલે આંતરરાષ્ટ્રીય તણાવપૂર્ણ સ્થિતિ ઉદભવી છે. ત્યાંના એરપોર્ટ પણ બંધ કરી દેવાયા છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ મદદ માટે આગળ આવી છે. ત્યારે ત્યાં વિવિધ શહેરોમાં ફસાયેલા વલસાડ, નવસારી, ડાંગ જિલ્લાના પ્રવાસીઓ, નોકરિયાત લોકોની મદદ માટે લોકસભા દંડક અને વલસાડના સાંસદ ધવલ પટેલ આગળ આવ્યા છે. તેમણે સાંસદ ઓફિસ હેલ્પલાઇન નંબર 8140347713 જાહેર કર્યો છે. સાથે સાંસદે ડાંગ, વલસાડ, નવસારી જિલ્લાના કોઈ પણ પ્રવાસી કે ત્યાં કોઈ પરિવારજન ફસાયેલા હોય અને તેમને મદદ કે સેવાની જરૂર હોય તો આપની અથવા આપના પરિવારજનની સંપૂર્ણ વિગત હેલ્પલાઇન નંબર પર મોકલી આપવી. જેથી બનતી તમામ મદદ કરી શકીએ.

આ સમગ્ર ઘટનાક્રમે નવસારી જિલ્લામાં એક કટુ પ્રશ્ન પણ ઉભો કર્યો છે. પોતાના વિસ્તારના લોકો મુશ્કેલીમાં હોવા છતાં સ્થાનિક સાંસદ તરફથી કોઈ સ્વતંત્ર હેલ્પલાઇન કે જાહેર પહેલ સામે આવી નથી. પરિણામે લોકોમાં એવી ટકોર સાંભળવા મળી રહી છે કે, જ્યારે પડોશી વિસ્તારનો પ્રતિનિધિ નવસારી માટે ચિંતિત થઈ શકે, ત્યારે પોતાના નેતૃત્વને હજુ સંજોગોની ગંભીરતા સમજાવવાની જરૂર શા માટે પડી રહી છે? સંકટની ઘડીએ સંવેદનશીલતા અને તાત્કાલિક કામગીરીની અપેક્ષા સાથે લોકો હવે પોતાના પ્રતિનિધિઓ તરફ આશાભરી નજરે જોઈ રહ્યા છે.

# ડાંગ દરબારમાં રાજ્યપાલનાં પ્રોટોકોલમાં ઘોર બેદરકારી

**આહવા** સિવિલના પેથોલોજીસ્ટ ગેરહાજર રહેતા વહીવટી તંત્રમાં ફફડાટ

સાપુતારા : ‘ડાંગ દરબાર-૨૦૨૬માં રાજ્યપાલની મુલાકાત વેળાએ જ આરોગ્ય વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. રાજ્યપાલના સત્તાવાર પ્રોટોકોલ અને મેડિકલ ટીમમાં ફરજ હોવા છતાં, આહવા સિવિલ હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડૉ. જ્યોતિ વસાવા ગેરહાજર જણાતા તંત્રની ‘લાલિયાવાડી’ પર સવાલો ઉભા થયા છે. ડાંગ દરબારના કાર્યક્રમ અંતર્ગત તા. ૦૧/૦૩/૨૦૨૬ અને ૦૨/૦૩/૨૦૨૬ના રોજ રાજ્યપાલ આહવા-ડાંગની મુલાકાતે છે. ત્યારે તબીબી આપાતકાલિન સ્થિતિને પહોંચી વળવા આહવા હોસ્પિટલ દ્વારા ખાસ ‘V.V.I.P TEAM’ અને ‘BASE TEAM’ ની રચના કરવામાં આવી હતી. સત્તાવાર આદેશ મુજબ, ૧લી માર્ચના રોજ બેઝ ટીમમાં ડૉ. જ્યોતિ વસાવા (પેથોલોજીસ્ટ, વર્ગ-૧) ને ફરજ પર હાજર રહેવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. રાજ્યપાલ જેવી અતિ મહત્વની વ્યક્તિ (VVIP) ના આગમન સમયે મેડિકલ પ્રોટોકોલનું પાલન કરવું અનિવાર્ય હોય છે. તેમ છતાં, પ્રોટોકોલમાં નામ હોવા છતાં ડૉ. જ્યોતિ વસાવા ગેરહાજર રહ્યા હતા. ચર્ચા મુજબ પેથોલોજીસ્ટ અગાઉ ફરજમાં અનિયમિત રહ્યા છે, જેના કારણે ગરીબ દર્દીઓને લેબોરેટરી તપાસ માટે હાલાકી ભોગવવી પડે છે. જ્યારે રાજ્યના પ્રથમ નાગરિક માટેની સુરક્ષા અને આરોગ્ય વ્યવસ્થામાં જ આવી ગંભીર ચૂક થતી હોય, ત્યારે સામાન્ય આદિવાસી દર્દીઓની હાલત શું હશે? તેવા સવાલ ઉદભવી રહ્યા છે.

# યુવાને સાયબર ફ્રોડના રૂપિયા માતાના બેંકના ખાતામાં જમા કરાવી ઉપાડી લીધા

**બીલીમોરાના** ઠગબાજે જમીન લે વેચના પૈસા હોવાનું જણાવી સાગરીતો સાથે મળી ઉપાડી લીધા

**અમલસાડના યુવાને ઈ ચલણ વાળી એપીકે ફાઇલ ખોલતા 2.7 લાખ ઉપડી ગયા**

બીલીમોરા : આરટીઓનું ઈ ચલણ લખેલી એપીકે ફાઈલ મોબાઈલ પણ મોકલી અમલસાડના યુવાનનો મોબાઇલ હેક કરી તેના એકાઉન્ટ માટે 2.7 લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપિંડીની ફરિયાદ ગણદેવી પોલીસમાં નોંધાય છે. કર્ણાટકના વતની સિદ્ધરામ કટપ્પા ભટ્ટી ફટ્ટી અમલસાડમાં ભાડાના મકાનમાં રહી નોકરી કરે છે. તારીખ 21/1/2026 ના રોજ તેના મોબાઈલ ઉપર આરટીઓના ઈ ચલણ લખેલી રૂપિયા 3800ના મેમો સાથે એપીકે વાળી લીંક અજાણ્યા મોબાઈલ નંબર પરથી આવી હતી. જે લિંક ક્લિક કરી ઓપન કરવા જતા તેનો મોબાઈલ હેક થઈ ગયો હતો. ત્યારબાદ સીધ્ધરામના અમલસાડની બેંક ઓફ બરોડાના ખાતામાંથી અને બીલીમોરાની એચડીએફસી બેંકના ખાતામાંથી કુલ રૂપિયા 2.7 લાખની રકમ ઓનલાઇન ટ્રાન્સફર થઈ ગઈ હતી. ગણદેવી પોલીસમાં સિદ્ધરામે ફરિયાદ આપતા સાયબર ક્રાઇમ એક્ટ હેઠળ અજાણ્યા મોબાઇલ ગ્રાહક સામે ગુનો નોંધી પી.આઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

બીલીમોરા : બીલીમોરાના દેવસરના યુવાને જનેતાને અંધારામાં રાખી દિલ્હી સાયબર ફ્રોડના રૂપિયા ૨.૯૭ લાખ જમીન લે વેચના પૈસા હોવાનું જણાવી પોતાની માતાના બેંકના ખાતામાં જમા કરાવી સાગરીતો સાથે મળી ઉપાડી લીધા હતા.

દેવસર ખાતે વ્યંકટેશવર નગરમાં રહેતા શનિસીંગ અર્જુનસિંહ સરદારે દિલ્હીમાં સાયબર ક્રાઇમનો ગુનો આચરી સાગરીતો વિજય (રહે નાંદરખા) અને સુરત રહેતા સાગરીત મિત્ર હર્ષદ મધુભાઈ લાખાણીએ સાયબર ફ્રોડથી મેળવેલા કુલ રૂપિયા ૨.૯૭ લાખથી વધુની મત્તા સગેવગે કરવા શનિસીંગ સરદારે પોતાની માતા નીરૂબેનના નામે બીલીમોરાની તમિલનાડુ મર્કન્ટાઈલ બેંકના એકાઉન્ટમાં પોતાની જમીન લે વેચના રૂપિયા જમા કરાવવાના છે તેમ કહી વિજય અને હર્ષદ લાખાણીને બેંક એકાઉન્ટની માહિતી આપી હતી. અને ત્રણેયે દિલ્હી રાજ્યમાંથી સાયબર સાયબર ફ્રોડના ભોગ બનેલા ઇસમના રૂપિયા ૨.૯૭ લાખ જમા કરાવી તે રૂપિયા સાયબર ફ્રોડનું હોવાનું જાણવા છતાં આરોપી શનિસીંગ સરદારની માતા નીરૂબેનના બેંક ખાતામાં જમા કરાવી તે તમામ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરી વિડ્રો કરી લીધા હતા. આ અંગે બીલીમોરા પોલીસના પીએસઆઇ એસ.વી.ચોસલાએ શનિસિંગ અર્જુનસિંગ સરદાર (રહે, દેવસર) તેમજ વિજયભાઈ અને સુરતના હર્ષદ મધુભાઈ લાખાણી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ કરી રહ્યાં છે. વધુ તપાસ પીઆઈ એમ.ડી.ગામીત કરી રહ્યા છે.



ધર્મેશ પટેલ

# બોડવાંકમાં ખેતરમાંથી દીપડીના ત્રણ બચ્ચા મળ્યા

ઘેજ : ચીખલીના બોડવાંક ગામે શેરડીના ખેતરમાંથી દીપડીના ત્રણ નવજાત બચ્ચા મળ્યા હતા. ચીખલી તાલુકાના બોડવાંક ગામના સરદ ફળીયા વિસ્તારમાં આવેલા ખેડૂત છગનભાઇ દુર્લભભાઇ પટેલના ખેતરમાં શેરડીની કાપણીનું કામ ચાલી રહ્યું હતું. દરમ્યાન બપોરના સમયે શ્રમિકો શેરડી કાપી રહ્યા હતા. ત્યારે શેરડીના ખેતરમાંથી ત્રણ નાના બચ્ચા મળી આવતા ખેતરમાં કામ કરતા શ્રમિકો અને સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે ગ્રામજનોએ બનાવ અંગેની જાણ વન વિભાગને કરતા વન વિભાગની ટીમ ઘટનાસ્થળે ધસી આવી હતી. બચ્ચાઓનું નિરીક્ષણ કરતા પ્રાથમિક તપાસમાં તંદુરસ્ત જણાયા હતા. દીપડી તેના બચ્ચાને લેવા માટે રાત્રિના સમયે ચોક્કસ આવશે તે ગણતરીએ વન વિભાગે બચ્ચાને એ જ ખેતરમાં સુરક્ષિત રીતે રાખી નાઈટ વિઝન કેમેરા ગોઠવ્યા છે.

# ડાંગ દરબારમાં મહિલા PSIનું નાગરિકો અને સ્ટોલ ધારકો સાથે ગેરવર્તન!

**મેળામાં** દરમિયાન ફરજ બજાવતા પી.એસ. આઈ. એસ.બી. ટંડેલે ગાળાગાળી કરી હોવાના આરોપ

**વલસાડ**-ડાંગના સાંસદ ધવલ પટેલે વચ્ચે પડી મામલો શાંત કરવાનો પ્રયત્ન કર્યો



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ દરબારનો મેળો આદિવાસી સમાજ માટે વર્ષનો સૌથી મહત્વનો અને આનંદમય ઉત્સવ ગણાય છે. પરંતુ આનંદ અને ઉત્સાહના આ માહોલ વચ્ચે શનિવાર રાત્રે મેળા દરમિયાન ફરજ બજાવતા પી.એસ.આઈ. એસ.બી. ટંડેલના વર્તન અંગે ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ તેમણે વરિષ્ઠ નાગરિકો, સ્ટોલ ધારકો અને રાઈડ સંચાલકો સાથે ગેરવર્તન કરી મનફાવે તેવી ભાષામાં ગાળાગાળી કરી હોવાના આરોપો ઉઠ્યા છે. તેમજ નિર્દોષ નાગરિકોને બિનજરૂરી રીતે રોકી હેરાનગતિ કરવામાં આવી હોવાની ચર્ચાઓએ સ્થાનિકોમાં અસંતોષ ફેલાવ્યો છે. ઘટનાની ગંભીરતા એટલી વધી કે મામલો વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલ સુધી પહોંચ્યો હતો. જાણકાર સૂત્રો મુજબ સાંસદે વચ્ચે પડી મામલો શાંત કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઘટનાને લઈને અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી સંભાળતા અધિકારી એસ.બી.ટંડેલ દ્વારા જો આ પ્રકારનું વર્તન કરવામાં આવ્યું હોય તો તે અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાય. મેળા જેવી જાહેર અને સાંસ્કૃતિક ઉજવણી દરમિયાન પોલીસ તંત્રનું સંવેદનશીલ અને સહયોગી વલણ અનિવાર્ય છે. હાલ ઘટનાના ભોગ બનેલા નાગરિકો અને વડીલો દ્વારા રાજ્યના ગૃહમંત્રી સમક્ષ લેખિત ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે. જો ઉચ્ચસ્તરે નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં નહીં આવે અને તોછડુ વર્તન કરનાર મહિલા પી.એસ.આઈ.એસ. બી.ટંડેલની અન્ય જિલ્લામાં બદલી ન કરાય તો આવનાર દિવસોમાં મામલો વધુ ઉગ્ર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ડાંગ દરબાર જેવા ગૌરવપૂર્ણ લોકઉત્સવ દરમિયાન જનતાને સુરક્ષા અને સહયોગ મળવો જોઈએ, હેરાનગતિ નહીં તેવી સ્પષ્ટ માંગ સાથે પી.એસ.આઈ. એસ.બી. ટંડેલ વિરુદ્ધ તાત્કાલિક અને પારદર્શક તથા કાયદેસરની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

# ચીખલીના કોમ્પ્યુટર શિક્ષક સાયબર ફ્રોડનો શિકાર બન્યા

**વોટ્સએપ** પર ઠગે Rto E chalan કરીને Apk ફાઇલ મોકલાવી ફોન હેક કરી આઈ ફોનની ખરીદી કરી લીધી

**વલસાડમાં મોબાઈલ હેક કરી રૂપિયા 6.50 લાખ ઉપાડી લેવાયા**

વલસાડ : વલસાડમાં અજાણ્યા શખ્સે ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરી તેમના બેંક ખાતામાંથી રૂપિયા 6.50 લાખની રકમ ઓનલાઇન ઉપાડી લીધી હતી. મગોદ ગામના મહા ફળીયામાં રહેતા અને દમણની ગારમેન્ટ કંપનીમાં નોકરી કરતા સતિષ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, અજાણ્યા શખ્સે તેમનો મોબાઈલ હેક કરી એચ.ડી.એફ.સી. બેંક ખાતાનો ઉપયોગ કરી, તેમની જાણ બહાર 6,00,000 ની ‘ઇન્સ્ટા ઝમ્બો લોન’ મંજૂર કરાવી લીધી હતી. ત્યારબાદ, લોનની રકમ અને ફરિયાદીના ખાતામાં અગાઉથી પડેલા રૂપિયા 50,000 મળીને કુલ રૂ.6,50,000 ઓનલાઈન ટ્રાન્જેક્શન દ્વારા ઉપાડી લેવામાં આવ્યા હતા. સતિષભાઈને જ્યારે બેંકમાંથી લોન જમા થયાનો મેસેજ મળ્યો ત્યારે તેમણે બેંકના કર્મચારીનો સંપર્ક સાધ્યો હતો. જોકે, શરૂઆતમાં તેમને આ વ્યવહાર જાતે કર્યો હોવાનું જણાવી નાણાં ન ઉપાડવા સલાહ અપાઈ હતી. પાછળથી જ્યારે તેમણે એ.ટી.એમ. ચેક કર્યું અને બેંક સ્ટેટમેન્ટ કઢાવ્યું ત્યારે જાણવા મળ્યું કે તેમના ખાતામાંથી રકમ ઉપાડી લેવામાં આવી છે. ઘટના અંગે વલસાડ રૂરલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘેજ : ચીખલીના તલાવચોરા ગામના ખાનગી શાળાના કોમ્પ્યુટર શિક્ષકના વોટ્સએપ પર ઠગભગતે Rto E chalan કરીને Apk ફાઇલ મોકલાવી ફોન હેક કરી ક્રેડિટ કાર્ડમાંથી આઈ ફોનની ખરીદી કરી ૮૪,૭૬૩ રૂપિયાનો ચૂનો ચોપડ્યો હતો. ફરિયાદી નીતિન મગનલાલ પટેલ (રહે, તલાવચોરા) ચીખલી એજ્યુકેશન સોસાયટી કમ્પ્યુટર સેન્ટર હતા તે દરમ્યાન તેમના મોબાઇલ ફોનમાં વોટ્સએપ પર આરટીઓ ઈ ચલણ કરીને એપીકે ફાઇલનો મેસેજ આવ્યો હતો. જે ફાઇલ ઓપન કરતાની સાથે જ ફોન હેક થઈ ગયો હતો અને મોબાઇલ નંબર સાથે જોડાયેલા એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ૭૯,૭૬૩ રૂપિયાનો આઈ ફોન ૧૭ની ખરીદી થઇ હોવાનો બેંકનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ તેમના બેંક ઓફ બરોડાના ક્રેડિટ કાર્ડમાંથી એમેઝોન પરથી ૫,૦૦૦ રૂપિયાની ખરીદીનો મેસેજ આવ્યો હતો. જેથી ફરીથી નીતિનભાઇએ ૧૯૩૦ પર જાણ કરી હતી. સાયબર ફ્રોડના આ કિસ્સામાં પોલીસે અજાણ્યા વોટ્સએપ નંબર પરથી RTO E Chalan કરીને APK ફાઇલ મોકલાવનાર અજાણ્યા શખ્સ ઉપરાંતની સામે ગુનો નોંધી વધુ તપાસ પીઆઇ ડી એસ કોરાટે હાથ ધરી હતી.

# કેન્દ્રીય મંત્રીની હાજરીના મહત્ત્વના પ્રસંગે ધારાસભ્ય સહિતના ગેરહાજર

**જલાલપોરમાં** 26 કરોડના વિકાસ કાર્યોના ખાતમુહૂર્તના કાર્યક્રમ વચ્ચે સંગઠનમાં મતભેદોની અટકળો તેજ




નવસારી : જલાલપોર ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં આશરે 26 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ અંતર્ગત તાલુકા સેવા સદનના નવા ભવનનું ભૂમિપુજન, દરિયાકાંઠા વિસ્તારમાં ખારાશ નિયંત્રણ માટે ટાઈડલ રેગ્યુલેટર ડેમ તેમજ વિકાસ વાટિકાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંચ પરથી વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

પરંતુ કાર્યક્રમ દરમિયાન સ્થાનિક ધારાસભ્ય આર.સી. પટેલ સહિત કેટલાક પ્રભાવશાળી સ્થાનિક અગ્રણીઓ અને કાર્યકરોની ગેરહાજરી નોંધાઈ હતી. કેન્દ્રીય મંત્રીની હાજરી જેવા મહત્વના પ્રસંગે અપેક્ષિત ઉપસ્થિતિ ન જોવા મળતા જિલ્લા ભાજપ સંગઠનમાં ચાલી રહેલા આંતરિક મતભેદોને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા શરૂ થઈ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ તાજેતરની સંગઠનાત્મક નિમણૂકો અને સ્થાનિક સ્તરે ઉભા થયેલા મતભેદોને કારણે કેટલાક આગેવાનોમાં નારાજગી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જોકે આ મુદ્દે સત્તાવાર રીતે કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી. વિકાસના કાર્યક્રમ વચ્ચે ઉભી થયેલી આ રાજકીય ચર્ચાઓ હવે જિલ્લા રાજકારણમાં નવા સમીકરણો ઉભા કરે છે કે નહીં, તે અંગે રાજકીય નિરીક્ષકોની નજર આગામી દિવસો પર ટકી છે.



ઉમેશ સોલંકી

# ભીલાડમાં ગુનાખોરી અટકાવવા પોલીસનું કોમ્બિંગ

ઉમરગામ : ભીલાડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ગુનાખોરી અટકાવવા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા પોલીસ દ્વારા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતુ. આ કોમ્બિંગમાં ઉમરગામ પોલીસ સ્ટેશનના પીઆઈ ચૌધરી, ભીલાડ પોલીસ સ્ટેશનના પીઆઈ પવાર તથા પીઆઈ રાઠોડ અને પાંચ પીએસઆઈ અને 80 જેટલા પોલીસ કર્મીઓ આ કોમ્બિંગમાં જોડાયા હતા. કોમ્બિંગ ભીલાડ ટાવર સહિતના વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે ઘરો રૂમો ચાલીઓમાં તપાસ હાથ ધરી હતી અને સીસીટીવી કેમેરા લગાડેલા છે કે કેમ, ભાડુઆતની માહિતી પોલીસ સ્ટેશનમાં આપેલી છે કે કેમ તે અંગે, અને કોઈ ગુનાહિત વસ્તુ તો રાખેલી નથી ને તેની પણ તપાસ કરી હતી અને ગુનાઓ દાખલ કર્યા હોવાનો જાણવા મળ્યું છે.

## મરોલી-ઉભરાટ માર્ગ પર હિટ એન્ડ રન, વૃદ્ધનું નિધન

નવસારી : મળતી માહિતી મુજબ, હીરલબેન ગોસાઈના પિતા ચુનીગિરી કેવળગીરી ગોસાઈ પોતાના મોપેડ પર પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન કોળી સમાજની વાડી નજીક કાળા રંગની હીરો પેશન બાઈક (નંબર: GJ-21-BD-3498)ના ચાલકે બેદરકારીપૂર્વક અને અતિઝડપે વાહન હંકારી મોપેડને સામેથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં ચુનીગિરી ગોસાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે નવસારીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું.

# પ્રભુનું મંદિર પુણ્યનું પવિત્ર પાવર હાઉસ છે: મુનિશ્રી

સુરત : મોટાબજાર સ્થિત શ્રી મહાવીર સ્વામી જિનાલયની 116મી સાલગિરીની ઉજવણી પૂ. આચાર્યપ્રવર પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પૂ. મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી મ. આદિ શ્રમણ શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં ભારે હર્ષોલ્લાસપૂર્વક થઈ હતી. ધજાનો લાભ બાદરલાલ છગનલાલ મહેતાએ લીધો હતો. આ પાવન અવસરે પૂ. આચાર્યશ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે પરમાત્માના શિખર ઉપર ચડતી ધજાને જે જુએ છે તેના જીવનમાં પડતી ક્યારેય થતી નથી. ચડતી ધજાનું મનમોહક દ્રશ્ય જીવનમાં ચડતી લાવે છે. પ્રભુનું



મંદિર પુણ્યનું પવિત્ર પાવરહાઉસ છે. આ પાવરહાઉસમાંથી પુણ્યની પવિત્ર ઊર્જા સતત વહેતી હોય છે. તમે જીવનમાં ગમે તેટલા પુરુષાર્થ કરો પણ પ્રભુભક્તિ દ્વારા બંધાતુ પુણ્ય તમારા જીવનને સર્વક્ષેત્રે સમૃદ્ધ કરે છે. પૂણ્ય નબળુ પડે ત્યારે જીવનમાં આધિ, વ્યાધિ અને ઉપાધિની આંધી ફૂંકાતી હોય છે.